# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM GANDHINAGAR GCC POLICY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં ગુજરાત વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર નીતિ 2025-30નો શુભારંભ કરાવ્યો. આ નીતિ અંતર્ગત રાજ્યમાં ઓછામાં ઓછા 250 નવા GCCની સ્થાપનાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત 10 હજાર કરોડ રૂપિયાથી વધુનુ રોકાણ અને 50 હજારથી વધુ નવી રોજગારીની તકોની સંભાવના છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે વૈશ્વિક ક્ષમતા કેન્દ્રમાં ભારત વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત થયું છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી )

. . . . . . . . . . . .

# HELMET DRIVE

સરકારી કચેરી ખાતે આવતા કર્મચારી અને અધિકારીઓ માટે ફરજિયાત હેલ્મેટ તેમજ સીટ બેલ્ટ માટે રાજ્યના પોલિસ મહાનિદેશકના આદેશ બાદ આજે રાજ્યભરમાં કસૂરવારો સામે પગલાં લેવામાં આવ્યા હતા.

ગાંધીનગરનાં અમારા પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે, ગાંધીનગરમાં સરકારી કચેરીઓ બહાર ટ્રાફિક ઝૂંબેશ યોજીને હેલ્મેટ અને સીટ બેલ્ટ વગરના વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. નવા સચિવાલય, જુના સચિવાલય, ઉદ્યોગ ભવન, પોલિસ ભવન ખાતે ટ્રાફિક પોલીસે દંડ વસુલ્યો હતો.

મહિસાગર જિલ્લાના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, લુણાવાડાની સરકારી કચેરીઓના કમ્પાઉન્ડમાં પોલીસ દ્વારા ઝૂંબેશ હાથ ધરીને ટ્રાફિક ના નિયમોનું પાલન ન કરનાર કર્મચારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

તાપી જિલ્લાના અમારા  પ્રતિનિધી નિરવ કંસારા જણાવે છે કે,  વ્યારા સેવા સદન બહાર આવતા જતા કર્મચારીઓનું હેલમેટ, સીટ બેલ્ટ સહિતનું ચેકીંગ હાથ ધરીને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર કર્મચારીઓ વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી કરાઈ હતી.

. . . . . . . . . . . . .

# LOCAL BODIES ELECTION

રાજ્યમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત તમામ રાજકીય પક્ષો પ્રચારમાં જોડાયા છે. મહીસાગર જિલ્લાની લુણાવાડા, સંતરામપુર અને બાલાસિનોર નગરપાલિકામાં ભાજપ, કોંગ્રેસ અને અપક્ષો પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપે EVM નો નમૂનો બનાવી મતદાન જાગૃતિ સાથે પ્રચાર કર્યો.

. . . . . . . . . . . . .

# ARAVALLI EXAM MEET

બોર્ડની પરીક્ષાને લઇને અરવલ્લી જિલ્લા શિક્ષણ વિભાગ અને વહીવટીતંત્રએ તૈયારીઓ શરૂ કરી છે. આ સંદર્ભમાં જિલ્લા કલેકટર પ્રશસ્તિ પારીકની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઇ હતી. સાંભળીએ અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(વોઈસ કાસ્ટ : અંકિત ચૌહાણ, સંવાદદાતા )

. . . . . . . . . . . . .

# Botad Cotton purchase

કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયા-સીસીઆઇ દ્વારા બોટાદમાં કપાસની ખરીદી ફરી શરૂ કરવામાં આવી છે. ગઈકાલે બપોર બાદ બંધ પડેલું સર્વર રાબેતા મુજબ શરૂ થતાં ખેડૂતોને જાણ કરીને ફરીથી કપાસ ખરીદી ચાલુ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# DANG PRAKRUTIK KHETI

ડાંગના વઘઇ તાલુકાના માનમોડી ક્લસ્ટરમાં સમાવિષ્ટ કાંચનપાડા ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર મિતલબેન મેસવાણીયા, અને સંદિપભાઈ શેવરે દ્વારા રાસાયણિક ખાતરને બદલે જીવામૃત, ઘન જીવામૃત અને જીવાત નિયંત્રણ માટે નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર અને બ્રહ્માસ્ત્રનોનો ઉપયોગ અને આધુનિક ખેતી અંગેની વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી.

જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અને ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે તાલીમ, ખેતીલક્ષી પ્રેરણા પ્રવાસ, આધુનિક ખેતીની મુલાકાત અને કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# MEHSANA ST BUS

યાત્રાધામ અંબાજી ખાતે 51 શકિતપીઠ પરિક્રમા મહોત્સવમાં શ્રદ્ધાળુઓને પહોંચવા માટે રાજ્ય સરકારે નિઃશુલ્ક એસટી બસની સુવિધા વ્યવસ્થા કરી છે. આ અંતર્ગત મહેસાણા જિલ્લામાંથી બે દિવસમાં 6 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ લાભ લીધો.

આજે બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ પરિક્રમાના અંતિમ દિવસે જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# Kutch Earthquake

કચ્છમાં ભૂકંપના આંચકાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે સવારે 9:54 કલાકે પૂર્વ કચ્છના રાપર વિસ્તારમાં 2.9ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી 27 કિલોમીટર દૂર હતું. ગઈ કાલે પણ રાપર પાસે 3.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................